




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-35 ■ તા. 23-08-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# પંજાબમાં બીએસએફએ ઘુસણખોરી કરતા પાંચ પાકિસ્તાનીને ઠાર કર્યા

**બીએસએફના જવાનોએ ઘૂસણખોરોને આત્મસમર્પણનું કહેતા ફાયરિંગ કર્યુ અંતે ઠાર**

ચંડીગઢ,તા.૨૨

બોર્ડર સિક્યોરિટી ફોર્સએ ભારત-પાકિસ્તાન સરહદ પર પાંચ ઘૂસણખોરોને ઠાર કરી દીધા છે. પંજાબના તરણ તારણથી પાંચ પાકિસ્તાની સરહદ પાર કરવાની કોશિષ કરી રહ્યા હતા. ત્યારે બીએસએફની ૪૭ બટાલિયને પાંચેયને ઠાર કરી દીધા. અત્યારે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે કે આ ઘૂસણખોરો પાકિસતાની આતંકી છે કે સ્મગલર.

બીએસએફ દ્વારા રજૂ કરવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર ૧૦૩ બટાલિયનના જાગૃત સૈનિકોએ તરન તારણની આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘુસણખોરોને જોયા હતા. તેમને સમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું. ઘુસણખોરોએ બીએસએફના જવાનો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આથી જવાબી કાર્યવાહીમાં પાંચ ઘુસણખોરો માર્યા ગયા છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.બીએસએફનું કહેવું છે કે તેમની પાસેથી એકે -૪૭, એક પિસ્તોલ અને એક પીઠ્ઠુ બેગ મળી આવી છે. શસ્ત્રો અને બેગ કબજે કરી તપાસ શરૂ કરી છે. તે જ સમયે, આંતરરાષ્ટ્રીય સરહદ પર ચાંપતો બંદોબસ્ત વધારી દેવાયો છે. બીએસએફના જવાનો મુસ્તૈદીથી ઘુસણખોરીના પ્રયાસને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.BSFએ ગુરદારપુર સેક્ટરમાં બીઓપી ચંદૂ વડાલાની નજીક ૮૯ બટાલિયને જવાનો અને એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)એ થોડા સમય પહેલા ૫ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું. પાકિસ્તાની તસ્કર પાસેથી હેરોઈન મંગાવનાર એક યુવક સુખવિંદરસિહ કાકાની ધરપકડ કરવામાં આવી હતી.અગાઉ આતંકવાદીઓએ ગુજરાત-રાજસ્થાન સરહદ પરથી ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જયાં ઘુસણખોરીનો પ્રયાસ કરી રહેલા ઘૂસણખોરોને બીએસએફના જવાનોએ ઠાર કરી દીધા હતા. બીએસએફના જવાનોએ જોયું કે એક વ્યક્તિ પાકિસ્તાનથી સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેને રોકાવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તે બેરીકેડ્સ પાર કરી દોડવા લાગ્યો હતો. ત્યારબાદ બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ તેમના ઉપર ફાયરિંગ કર્યું અને ઘુસણખોરને ત્યાં જ ઠાર કરી દીધો હતો. આ અગાઉ પણ બોર્ડર સિક્યુરિટી ફોર્સે પાકિસ્તાન દ્વારા દિવસ દરમિયાન ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.

જો કે, રાત્રિ દરમિયાન આ ક્ષેત્રમાં ઘુસણખોરી કરવાનો પ્રથમ વખત પ્રયાસ થયો હતો.ઉલ્લેખનીય છે કે, સરહદ પર સુરક્ષા દળોની તાકીદને કારણે પાકિસ્તાન તરફથી ઘૂસણખોરી હંમેશા નિષ્ફળ જાય છે. પંજાબમાં આતંકવાદી પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા ઉપરાંત ડ્રગના વેપારમાં ઘુસણખોરીના પ્રયાસો પણ કરવામાં આવે છે.

## બારામૂલામાં એક આતંકી ઠાર

બારામૂલામાં સાલૂસા વિસ્તારમાં સેનાએ એક આતંકીને ઠાર માર્યો હતો. આતંકીઓ વિરુદ્ધના ઓપરેશનમાં સેના, પોલીસ, અને CRPFના જવાન સામેલ છે.



## વિમાનમાં મુસાફરી કરી રહેલા મુસાફરોમાં ફેલાઈ શકે છે વાયરસ પણ ચેપનું જોખમ ઓછું : રિસર્ચ

ન્યુ દિલ્હી,તા.૨૨

ચીનના વુહાન શહેરથી સામે આવેલો કોરોના વાયરસ મુળભૂત રીતે તો વિમાની મુસાફરી દરમિયાન એકબીજામાં વધારે ફેલાયો હતો. વિમાની મુસાફરી દરમિયાન જ અનેક લોકો કોરોના વાયરસના ઝપેટામાં આવ્યા હતાં. શરૂઆતમાં ૪ લોકોને આંતરરાષ્ટ્રીય વિમાનમાં કોરોના ચેપ લાગ્યો હતો.

હવે તાજેતરમાં હાથ ધરવામાં આવેલા નવા વૈજ્ઞાનિક અધ્યયન દ્વારા એવી સંભાવનાનો ખુલાસો કરવામાં આવ્યો છે કે વિમાનમાં મુસાફરી કરવાથી કોરોના વાયરસ ફેલાય છે. જોકે અધ્યયનમાં જણાવ્યા પ્રમાણે વિમાની મુસાફરી દરમિયાન કોરોનાના ચેપનું જોખમ નોંધપાત્ર રીતે ઓછું હશે.

વિમાનમાં, ૯ માર્ચે ૧૦૨ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા, તેમાંથી સાત મુસાફરોને કોરોના વાયરસ હતો. ફલાઈટ દરમિયાન કુલ સાત ચેપગ્રસ્ત લોકોમાંથી ચાર એસિમ્પટમેટિક હતા. મુસાફરોમાંથી કોઈએ માસ્ક પહેર્યુ નહોતુ. ફ્રેંક્ફર્ટ ગોથ યુનિવર્સિટીના મેડિકલ વિરોલોજી ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર સેન્ડ્રા સીસેકે જણાવ્યું હતું કે, ચેપનો ફેલાવો કેટલો થાય છે તે જાણવા અમે જ્યારે આ મુસાફરોની પાછળથી મુલાકાત લીધી હતી, ત્યારે અમને એવી હતું કે ચેપના શંકાસ્પદ કેસોની યાદી ઘણી લાંબી રહેશે. કારણ કે વિમાનમાં વધુ લાક્ષણિક દર્દીઓ હતા અને દર્દીઓએ માસ્ક પણ પહેર્યા ન હતા.વિમાનની અંદર હવાના પરિભ્રમણને કારણે વાયરસનો ચેપ દર ખૂબ જ ઓછો છે. જો માસ્ક પહેરવામાં આવે છે, તો તે ચેપ દરને વધુ ઘટાડશે. વિમાનમાં કોરોના ધરાવતા ૭ લોકોના ચારથી ૫ અઠવાડિયા પછી તમામ મુસાફરોનો ટેલિફોન દ્વારા સંપર્ક કર્યો અને એક ઈન્ટરવ્યૂ કર્યો.

કુલ મળીને, ફ્લાઇટમાં જૂથ સાથે સંપર્કમાં રહેલા અન્ય ૭૮ મુસાફરો (૯૧%) માંથી ૭૧ લોકોએ ઈન્ટરવ્યુ પૂર્ણ કર્યો અને ફલાઈટના છથી નવ અઠવાડિયા પછી આ વ્યક્તિઓમાંથી ૧૩ લોકો પાસેથી સીરમના નમૂના લેવામાં આવ્યા હતા. વિશ્લેષણ સૂચવે છે કે આ જૂથના સંપર્કમાં રહેલા બે લોકોમાં કોરોનાની પુષ્ટિ થઈ હતી. બીજા કોઈને કોરોના થયો ન હતો. સંશોધનકારો માને છે કે આ ચેપ ફ્લાઈટ પહેલા અને પછી પણ થઈ શકે છે.

### છેલ્લા ૨૪ કલાકમાં ૬૯૮૭૮ પોઝિટિવ કેસ, ૯૪૫ના મોત

## દેશમાં કોરોનાની બ્રેક ફેઇલ, સંક્રમિતો 30 લાખની નજીક અને ૫૪ હજારથી વધુ મોત

**દર્દીઓના સ્વસ્થ થવાનો દર વધીને ૭૪.૩૦ ટકાએ પહોંચ્યો છે, દેશમાં કોરોના ટેસ્ટિંગમાં ઝડપ, દૈનિક ૧૦ લાખને પાર**



ન્યુ દિલ્હી,તા.૨૨

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા થોડા સમયથી કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૯ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૯૮૭૮ કેસ નોંધાતા કુલ કેસ ૨૯૭૫૭૦૧ થઈ ગયા છે.જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૬૩૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૨૨૨૫૭૭ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૯૪૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૫૭૯૪ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનિવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૯૭૩૩૦ એક્ટિવ કેસ છે.દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૨૯૩૯૫૧૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૭૯૮૮૪૬ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૪૭૦૦૬૩૭ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૪૪૦૦૨૯ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે. દેશમાં સક્રિય કેસના કેસો ૨૩.૮૨ ટકા છે અને સાજાનો દર ૭૪.૩૦ ટકા છે, જ્યારે મૃત્યુ દર ૧.૮૯ ટકા છે.રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કોરોના ટેસ્ટિંગમાં વધારો કરવામાં આવ્યો હોવાથી દેશમાં એક દિવસમાં દસ લાખ કોરોના ટેસ્ટનો આંકડો હાંસલ થયો છે. વધુ ટેસ્ટ કરવાથી પોઝિટિવ દરમાં પણ વધારો થાય છે અને સમયસર આઈસોલેશન, અસરકારક ટ્રેકિંગ, સમયસર ક્લિનિકલ સારવાર વગેરે બાબતોને પગલે રિકવરી રેટમાં પણ સુધારો થઈ શકે છે તેમ મંત્રાલયે ઉમેર્યું હતું. શુક્રવારે ૧૦,૨૩,૮૩૬ ટેસ્ટ થયા હતા જે પૈકી ૩.૮ લાખ રેપિડ એન્ટિજેન ટેસ્ટ રહ્યા હતા.

### કેન્દ્રીય ગૃહ સચિવે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને લખ્યો પત્ર

## હવે રાજ્યો વચ્ચે વ્યક્તિ અને વસ્તુઓની અવર-જવર પર નહીં લાગે કોઈ પ્રતિબંધ

ન્યુ દિલ્હી,તા.૨૨

નવી દિલ્હીઃ ભારતમાં જીવેલણ કોરોના વાયરસ બેકાબુ બની રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકાર તમામ પ્રકારના પ્રતિબંધો હટાવવાની તૈયારી કરી રહી હોય એવું લાગી રહ્યુ છે. કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને કોઇ પણ પ્રકારના આંતરરાજ્ય પરિવહન અને લોકોની અવર-જવરને રોકવામાં આવેશી નહીં તેવી નિર્દેશ આપ્યો છે.

કેન્દ્રીય ગૃહ સચિવે તમામ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે તેમાં જણાવ્યુ છે કે, વ્યક્તિઓ અને માલ-સામાનની એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં અવર-જવર પર કોઇ પ્રતિબંધ હોવો જોઇએ નહીં. આવા કોઇ પણ પ્રકારના પ્રતિબંધો એ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જારી કરેલા દિશાનિર્દેશોનું ઉલ્લંઘન ગણાશે.કેન્દ્રે તમામ રાજ્યોને એની ખાતરી કરવા જણાવ્યુ છે કે, હાલમાં અનલોક ખોલવાની પ્રક્રિયા દરમિયાન વ્યક્તિઓ અને માલસામાનની એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં કે રાજ્યોની અંદર કોઇ પણ સ્થળે અવર-જવર પર પ્રતિબંધ હોવો જોઇએ નહીં. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોની માટે એક વાર્તાલાપમાં કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લા એ કહ્યુ કે, વિવિધ જિલ્લાઓ અને રાજ્યોમાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા.

અનલોક-૩ના દિશાનિર્દેશો તરફ ધ્યાન દોરતા કેન્દ્રીય ગૃહ સચિવે કહ્યુ કે, આવા પ્રકારના પ્રતિબંધો માલસામાન અને સેવાઓની એક રાજ્યમાંથી બીજા રાજ્યોમાં ટ્રાન્સપોર્ટેશનમાં સમસ્યા ઉભી કરી રહ્યા છે અને સપ્લાય ચેઈન પર માઠી અસર કરી રહ્યા છે, જેના પરિણામ સ્વરૂપ આર્થિક ગતિવિધિઓ અને રોજગારમાં વિક્ષેફ પડ્યો છે.

### વિશ્વ આરોગ્ય સંસ્થાનું મહત્વપૂર્ણ નિવેદન

## આપણે એક રહીશું તો ફક્ત બે જ વર્ષમાં કોરોના મહામારીનો અંત આવશે




જિનેવા,તા.૨૨

આખી દુનિયા કોરોના વાયરસ સામે લડી રહી છે. આ વાયરસના કારણે લોકોના સામાન્ય જીવ પર તેની વ્યાપક અસર પડી છે. આવામાં વાયરસ ક્યારે પીછો છોડશે તેવો સવાલ સૌ કોઈને થઈ રહ્યા છે. આવામાં ડબલ્યુએચઓએ એક મહત્વની વાત કરી છે. ડબલ્યુએચઓના ચીફ ટ્રેડ્રોસ એડહાનોમ સંભાવના વ્યક્ત કરી કે કોરોના વાયરસની અસર ૧૯૧૮માં આવેલા સ્પેનિશ ફ્લૂ કરતા ઓછો સમય રહેશે. ડબલ્યુએચઓ ચીફે જણાવ્યું કે આ મહામારી બે વર્ષની અંદર પૂર્ણ થઈ જશે. જોકે તેના માટે દુનિયાના દેશોએ એક થઈને સર્વસામાન્ય વેક્સીન વેક્સીન બનાવવામાં સફળતા મળે તેના પર ભાર મૂક્યો છે.હજુ સુધી કોરોના વાયરસ સામે લડનારી રસી ઉપલબ્ધ નથી થઈ, એવામાં ડબલ્યુએચઓ ચીનની આ ટિપ્પણી મહત્વપૂર્ણ છે. અત્યાર સુધી ડબલ્યુએચઓ દ્વારા મહામારીના ખતમ થવા અંગે કોઈ સમયસીમા નહોતી આપવામાં આવી.ટ્રેડોસે કહ્યું કે ૧૯૧૮માં સ્પેનિશ ફ્લુને ખતમ થતા ૨ વર્ષ જેટલો સમય લાગશે. જિનેવામાં એક બ્રીફિંગ દરમિયાન તેમણે કહ્યું, ''આજની પરિસ્થિતિમાં જ્યારે વધારે ટેક્નોલોજી અને કેનેક્ટિવિટી છે જેના કારણે વાયરસ પાસે વધારે ફેલાવાની તક છે.

### ઓછું પેન્શન જમા કરી સ્ટેટ બેંકની આકરી ઝાટકણી

## પેન્શન મૂળભૂત અધિકારનો ભાગ: મુંબઈ હાઈકોર્ટ

મુંબઇ,તા.૨૨

મુંબઈ હાઈકોર્ટની નાગપુર બેન્ચે એક મામલામાં ટીપ્પણી કરતા ગુરુવારે કહ્યું કે પેન્શન જિંદગી જીવવાના અધિકારોનો એક હિસ્સો છે અને કોઈને પણ તેનાથી વંચિત કરવો અસ્વીકાર્ય છે. આ વાત જસ્ટિસ રવિ દેશપાંડે અને જસ્ટિસ એનબી સૂર્યવંશીની બેન્ચે નાગપુરના રહેવાસી નૈની ગોપાલની અરજી પર સુનાવણી કરતી વખતે કહી છે. અરજીકર્તાએ ભારતીય સ્ટેટબેંકના પેન્શન વિભાગની કાર્યવાહી પર ફરિયાદ કરતા કહ્યું હતું કે તેમના પેન્શનની માસિક રકમ ૧૧૪૦૦ રુપિયામાંથી પ્રતિ મહિને ૭૮૨ રુપિયાની કાપ કરાઈ રહ્યો છે અને કુલ ૩.૬૯ લાખ રુપિયા કપાઈ ચૂક્યા છે.તેમણે આ રકમ મેળવવા માટે અરજી દાખલ કરી હતી. આ સંદર્ભે બેંકે પોતાની સ્પષ્ટતામાં કહ્યું હતું કે, ટેકનિકલ ખામીના કારણે તેમના પેન્શનમાં ૨૦૦૭થી પ્રતિ મહિને ૭૮૨ રુપિયા કપાતા હતા. બેંકની આકરી ઝાટકણી કાઢતાં કોર્ટે કહ્યું હતું કે બેંકને પોતાના કર્મચારી સિવાય અન્ય કોઈના પેન્શનમાં કાપ બાબતે નિર્ણય લેવાનો કોઇ હક્ક નથી. આ કિસ્સામાં બેંકે ઘમંડ દાખવ્યો છે.

### ઘૂસણખોરો પાસેથી બીએસએફને એકે-૪૭, એક પિસ્તોલ અને પીઠુ બેગ મળી

## પંજાબમાં બીએસએફએ ઘૂસણખોરી કરતા પાંચ પાકિસ્તાનીને ઠાર કર્યા

ચંડીગઢ,તા.૨૨

બોર્ડર સિક્યોરિટી ફોર્સએ ભારત-પાકિસ્તાન સરહદ પર પાંચ ઘૂસણખોરોને ઠાર કરી દીધા છે. પંજાબના તરણ તારણથી પાંચ પાકિસ્તાની સરહદ પાર કરવાની કોશિષ કરી રહ્યા હતા. ત્યારે બીએસએફની ૪૭ બટાલિયને પાંચેયને ઠાર કરી દીધા. અત્યારે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે કે આ ઘૂસણખોરો પાકિસતાની આતંકી છે કે સ્મગલર.

બીએસએફ દ્વારા રજૂ કરવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર ૧૦૩ બટાલિયનના જાગૃત સૈનિકોએ તરન તારણની આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘુસણખોરોને જોયા હતા. તેમને સમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું. ઘુસણખોરોએ બીએસએફના જવાનો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આથી જવાબી કાર્યવાહીમાં પાંચ ઘુસણખોરો માર્યા ગયા છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.બીએસએફનું કહેવું છે કે તેમની પાસેથી એકે -૪૭, એક પિસ્તોલ અને એક પીઠ્ઠુ બેગ મળી આવી છે. શસ્ત્રો અને બેગ કબજે કરી તપાસ શરૂ કરી છે. તે જ સમયે, આંતરરાષ્ટ્રીય સરહદ પર ચાંપતો બંદોબસ્ત વધારી દેવાયો છે. બીએસએફના જવાનો મુસ્તૈદીથી ઘુસણખોરીના પ્રયાસને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.ஃஜிஜ્ઞએ ગુરદારપુર સેક્ટરમાં બીઓપી ચંદૂ વડાલાની નજીક ૮૯ બટાલિયને જવાનો અને એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)એ થોડા સમય પહેલા ૫ કિલો હેરોઇન જપ્ત કર્યું હતું. પાકિસ્તાની તસ્કર પાસેથી હેરોઇન મંગાવનાર એક યુવક સુખવિંદરસિહ કાકાની ધરપકડ કરવામાં આવી હતી.અગાઉ આતંકવાદીઓએ ગુજરાત-રાજસ્થાન સરહદ પરથી ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જ્યાં ઘુસણખોરીનો પ્રયાસ કરી રહેલા ઘૂસણખોરોને બીએસએફના જવાનોએ ઠાર કરી દીધા હતા. બીએસએફના જવાનોએ જોયું કે એક વ્યક્તિ પાકિસ્તાનથી સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેને રોકાવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તે બેરીકેડ્સ પાર કરી દોડવા લાગ્યો હતો. ત્યારબાદ બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ તેમના ઉપર ફાયરિંગ કર્યું અને ઘુસણખોરને ત્યાં જ ઠાર કરી દીધો હતો. આ અગાઉ પણ બોર્ડર સિક્યુરિટી ફોર્સે પાકિસ્તાન દ્વારા દિવસ દરમિયાન ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.

જો કે, રાત્રિ દરમિયાન આ ક્ષેત્રમાં ઘુસણખોરી કરવાનો પ્રથમ વખત પ્રયાસ થયો હતો.ઉલ્લેખનીય છે કે, સરહદ પર સુરક્ષા દળોની તાકીદને કારણે પાકિસ્તાન તરફથી ઘૂસણખોરી હંમેશા નિષ્ફળ જાય છે. પંજાબમાં આતંકવાદી પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા ઉપરાંત ડ્રગના વેપારમાં ઘુસણખોરીના પ્રયાસો પણ કરવામાં આવે છે.

## તંત્રી લેખ

# દેશના વિકાસમાં રાજીવના યોગદાનને ના ભુલાવી શકાય

ભારતમાં દેશના વિકાસમાં યોગદાન આપનારા લોકોના યોગદાનના માપદંડ અલગ છે. દુનિયાના બીજા દેશોમાં વિકાસમાં યોગદાન આપનારને લોકો સન્માન આપે છે, પ્રેમથી યાદ કરે છે. ભારતમાં કોઈ પણ વ્યક્તિના યોગદાનને એ ક્યા રાજકીય પક્ષનો છે કે કઈ વિચારધારા સાથે જોડાયેલો છે તેના આધારે મૂલવવામાં આવે છે. આ પરંપરા વરસોથી ચાલી આવે છે. આપણે બહુ લાંબો ઈતિહાસ ના ખોલીએ ને દેશની આઝાદીની લડત ને આઝાદી પછીના ભારતના વિકાસનો ઈતિહાસ જોઈશું તો પણ આ વાત સમજાશે.દેશની આઝાદીની લડતમાં બહુ બધા લોકોનું યોગદાન હતું. ઘણા રાજકીય પક્ષો જોડાયેલા હતા ને અલગ અલગ વિચારધારાના લોકો પણ તેમાં જોડાયેલા હતા. આઝાદી માટે અલગ રસ્તો અપનાવનારા લોકો પણ હતા ને એ બધાંનો ઉદ્દેશ એકસરખો હતો પણ દેશની આઝાદીનો ઈતિહાસ લખાયો તેમાં કૉંગ્રેસ ને કૉંગ્રેસના નેતાઓ જ કેન્દ્રસ્થાને રહ્યા. કૉંગ્રેસના નેતાઓમાં પણ મહાત્મા ગાંધી અને તેમની નજીકના નેતાઓનાં જ ગુણગાન ગવાયાં. સુભાષચંદ્ર બોઝ જેવા નેતાએ દેશને આઝાદ કરવા માટે જે પ્રયત્નો કર્યા તેની સરખામણીમાં કૉંગ્રેસે કશું ના કર્યું એમ કહીએ તો ચાલે પણ સુભાષબાબુ બાજુ પર ધકેલાઈ ગયા ને કૉંગ્રેસના નેતાઓએ જ દેશને આઝાદ કરાવ્યો હોય એવું ચિત્ર ઊભું કરી દેવાયું.દેશની આઝાદી પછી ગાંધીજી તો રહ્યા પણ બીજા નેતા બાજુ પર મુકાતા ગયા. સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ધુરંધરને પણ કોરાણે મૂકી દેવાયા ને જવાહરલાલ નહેરૂ છવાઈ ગયા. નહેરુનું યોગદાન બહુ મોટું છે તેનો ઈનકાર ના થઈ શકે પણ આઝાદી પછીના ભારતના નિર્માણમાં બીજાંનું યોગદાન પણ એટલું જ હતું એ વાતનો ઉલ્લેખ જ ના થયો. નહેરૂ અને તેમનું ખાનદાન જ દેશના ભાગ્યવિધાતા હોય એવું ચિત્ર ઉભું કરી દેવાયું. કૉંગ્રેસનું શાસન હતું ત્યાં લગી આ ધુપલ ચાલ્યું ને ભાજપે પણ એ પરંપરા આગળ ધપાવી. ભાજપ પણ કૉંગ્રેસની જેમ જ રાજકીય પૂર્વગ્રહો સાથે વર્તીને વિનાયક દામોદર સાવરકર જેવા લોકોને મોટા કરવા માંડ્યા છે ને નેહરૂ-ગાંધી ખાનદાનનો એકડો સાવ ભૂંસી નાંખવાનો હોય એમ તેમના જેન્યુઈન યોગદાનને પણ અવગણવા માંડ્યું છે.દુનિયામાં બધા ઉગતા સૂરજને પૂજે છે તેથી સત્તામાં બેઠેલા લોકો વર્તે એ રીતે બહુમતી લોકો વર્તતાં હોય છે. તેના કારણે નેહરુ-ગાંધી ખાનદાનને ગાળો દેવાની ફેશન થઈ ગઈ છે ને આ ખાનદાને દેશના વિકાસમાં ખરેખર આપેલા યોગદાનને યાદ કરવાની પણ કોઈ તસદી લેતું નથી. ગુરુવારે ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીનો જન્મદિવસ હતો ને તેમાં એવું જ થયું. નરેન્દ્ર મોદીએ રાજીવ ગાંધીને એક લીટીની તો એક લીટીની શ્રદ્ધાંજલિ આપીને દેશના વડા પ્રધાનપદે રહી ચૂકેલી વ્યક્તિ તરફ સન્માન બતાવવાનું સૌજન્ય દાખવ્યું ને પોતાની ગરિમા જાળવી પણ સત્તામાં બેઠેલા બીજા લોકોએ રાજીવને યાદ સુધ્ધાં ના કર્યા. આ દેશમાં રાજીવ ગાંધી નામની કોઈ વ્યક્તિ વડા પ્રધાનપદે આવી હતી એ યાદ જ ના હોય એ રીતે બધાં વર્ત્યાં ને તેમાં મીડિયા પણ આવી ગયું.આ રીતે વર્તનારા શું માનતા હશે એ ખબર નથી પણ આ રીતે વર્તીને કોઈના યોગદાનને ભુલાવી શકાતું નથી કે મિટાવી પણ શકાતું નથી. કૉંગ્રેસે વરસો લગી સરદાર વલ્લભભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝ જેવા દિગ્ગજોની અવગણના કરી તો તેના કારણે સરદાર પટેલ કે સુભાષબાબુ લોકોના માનસ પરથી હટી ગયા ? લોકોને તેમના યોગદાન વિશે ખબર જ ના પડે એવું થોડું થયું? કૉંગ્રેસે હજુ ત્રણ દાયકા પહેલાં જ દેશમાં શાસન કરનારા પી.વી. નરસિંહરાવને પણ કોરાણે મૂકી દીધેલા ને તેમને યાદ સુધ્ધાં નહોતી કરતી. તેના કારણે નરસિંહરાવનું યોગદાન ભુંસાઈ નથી ગયું. બલ્કે કૉંગ્રેસે જ હવે નાકલીટી તાણીને ફરી નરસિંહરાવને યાદ કરવા પડે છે.આ જ વાત રાજીવ ગાંધીને પણ લાગુ પડે છે. રાજીવ ગાંધીને ભાજપના નેતા, ભાજપની સરકાર કે ભાજપના સમર્થકો યાદ ના કરે તેના કારણે રાજીવનું યોગદાન નહીં ભુલાય. રાજીવ ગાંધી આધુનિક ભારતના નિર્માણનો પાયો નાંખનારા નેતા હતા એ ઈતિહાસને કોઈ બદલી નહીં શકે. રાજીવ ગાંધીએ દેશના વડા પ્રધાન તરીકે માત્ર પાંચ વર્ષ જ રાજ કર્યું પણ આ પાંચ વર્ષમાં તેમણે દેશની કાયાપલટ કરી નાંખી અને દેશને આધુનિક બનાવી દીધો તેમાં બેમત નથી.

# ૨૪ કલાકમાં રાજ્યના ૨૦૯ તાલુકામાં મેઘાની ધમાકેદાર બેટિંગ

ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી મેઘ મહેર થઇ રહી છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૯ તાલુકામાં વરસાદ વરસ્યો છે. આંકડાઓની વાત કરીએ તો, રાજ્યમાં સરેરાશ ૯૦.૭૫ ટકા વરસાદ પડી ચૂક્યો છે. કચ્છમાં ૧૫૯.૧૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૨૧.૬૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૮૩.૪૦ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૬૯.૫૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૭.૮૭ ટકા કુલ વરસાદ નોંધાયો છે. આ સાથે હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે, ગુજરાતમાં શનિવારે અને રવિવારે ઓરેન્જ એલર્ટ આપવામાં આવી છે. તો સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. ભારે વરસાદને પગલે આગામી ૩-૪ દિવસ માટે નદીમાં ભારે પૂરની શક્યતા સેવાઇ રહી છે.મધ્યપ્રદેશ છત્તીસગઢમાં લો પ્રેશર સર્જાયુ છે અને તેની અસર ગુજરાત પર જોવા મળી રહી છે. ત્યારે હવામાન વિભાગે આ કારણસર જ આખા ગુજરાત રાજ્યને આ બે દિવસ એલર્ટ જાહેર કરી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતના ઉત્તર, મધ્ય તથા દક્ષિણના વિસ્તારો ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે. જેથી તંત્રને સાબદુ રહેવા તાકીદ કરાઈ છે.

એટલું જ નહીં, શનિવારે સવારથી ધોધમાર વરસાદ શરૂ થઈ જશે તો બપોર સુધીમાં એલર્ટનું લેવલ વધીને રેડ વોર્નિંગ સાઈન સુધી પણ પહોંચી શકે છે. રેડ એલર્ટની સ્થિતિમાં લોકોને અતિભારે વરસાદ સામે રક્ષણ માટે તકેદારીના પૂરતાં પગલાં ભરવા માટે તાકીદ કરાય છે. હવામાનની સ્થિતિને જોતાં રવિવાર ને ૨૩ ઓગસ્ટ સુધી ગુજરાતના મોટાભાગના વિસ્તારો તેમજ પાડોશના મધ્યપ્રદેશ તથા દક્ષિણ રાજસ્થાનના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી શકે છે. તેમાં પણ શનિવાર અને રવિવારે ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ જોવા મળી શકે છે, એવું હવામાન વિભાગની આગાહીમાં જણાવાયું છે. આ આગાહીના આધારે આઈએમડી દ્વારા ગુજરાતના તમામ વિસ્તારો સહિત આખા રાજ્યને શનિવાર અને રવિવારે ઓરેન્જ એલર્ટ પર રાખ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં વલસાડનાં ઉમરગામમાં ૬ ઈંચ વરસાદ વરસ્યો છે.



જ્યારે વલસાડનાં વાપીમાં ૪ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે આણંદ, મહેસાણા, લખપતમાં સાડા ત્રણ ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. અરવલ્લી જિલ્લામાં મેઘરાજા મન મુકીને વરસ્યા છે. મેઘરજ, ભિલોડા, માલપુરમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. મોડાસામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો. સમગ્ર જિલ્લામાં અવિરત વરસાદી માહોલ રહ્યો છે. ભિલોડામાં ૨ કલાકમાં ૧.૫ ઈંચ વરસાદ ખાબકતા અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. આગામી બે દિવસમાં ઉત્તર ગુજરાતના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદની સંભાવના છે. અરવલ્લી અને મહીસાગરમાં અતિભારે વરસાદ વરસી શકે છે તો બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ અને દાહોદ સહિતના જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યમાં ૨૨ અને ૨૩ તારીખે ભારેથી અતિ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

# રત્નકલાકારોને કોરોના માટે માટે જવાબદાર ઠેરવાતા રોષ, ધરણા પહેલાં ધરપકડ

## કોંગ્રેસ કોર્પોરેટર કાછડિયા સાથે રત્નકલાકારોએ સુરતમાં વિરોધ કર્યો હતો

સુરત,તા.૨૨

શહેરમાં કોરોના ફેલાવા માટે રત્નકલાકાર જવાબદાર છે તેવું સરકાર દ્વારા હાઈકોર્ટમાં રજુવાત કરવામાં આવી હતી જેને લઇને સુરત ના રત્નકલાકારો માં રોષ જોવા માંડ્યો હતો જોકે આ મામલે સુરત માં રત્નકલાકારો ના સમર્થનમાં સરકાર વિરુદ્ધ કોગ્રેસ કોર્પોરેટર દ્વારા ધારણા કરવામાં આવા ના હતા તે પહેલા પોલીસે તેમની ધરપકડ કરી છે. શહેરમાં થોડા દિવસો અગાઉ કોરોના સંક્રમણ ખૂબ વધી ગયેલું હતું જોકે આ અંગે હાઈકોર્ટમાં જવાબ આપતા ગુજરાત સરકારે સુરતમાં સંક્રમણ વધવા પાછળ રત્નકલાકારો જવાબદાર હોવાનું એક કારણ ગણાવ્યું છે. ગુજરાત સરકારના આ જવાબથી રત્નકલાકારોમાં રોષ જોવા મળી રહ્યો છે. વરાછા વિસ્તારમાં રસ્તાઓ પર બેનર લગાવીને રોષ પ્રગટ કરવામાં આવ્યો છે.સાથે જ આજે રત્નકલાકારોના સમર્થનમાં પાંચેક લોકો ધરણા પર બેસવા આવ્યાં. માનગઢ ચોક મિની બજાર પર ધરણા પર બેસવા પહેલા જ અટકાયત કરવામાં આવી છે. અટકાયત થયેલામાં કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડિયા સહિતના અન્ય ચારનો સમાવેશ થાય છે.વરાછા અને કતારગામ વિસ્તારમાં કોરોના કેસ થોડા દિવસો અગાઉ ખૂબ વધી ગયા હતાં. જેથી ગુજરાત હાઈકોર્ટે આ અંગે સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. જેના જવાબમાં કોરોના સંક્રમણ વધવાના કારણો દર્શાવવાની સાથે સાથે કોરોના સંક્રમણ માટે રત્નકલાકારોને પણ જવાબદાર ઠેરવવામાં આવ્યાં હતાં. જેથી રત્નકલાકારોમાં વિરોધ જોવા મળી રહ્યો છે.

રત્નકલાકારોને કોરોના સંક્રમણ માટે સરકારે જવાબદાર ઠેરવતાં વરાછા વિસ્તારમાં રોષ સાથે અપમાન થયાની લાગણી અનુભવતા બેનર મારવામાં આવ્યાં છે. બેનર લાગ્યા બાદ આજે કોંગ્રેસના કોર્પોરેટર કાર્યકરો અને રત્નકલાકારો સાથે માનગઢ ચોક મિની બજાર ખાતે ધરણા પર બેસવાના હતા. જોકે વરાછા પોલીસે ધરણા શરૂ થાય તે અગાઉ જ કોર્પોરેટર દિનેશ કાછડિયા, કેતન વાણિયા સહિતના પાંચેકની અટકાયત કરી લીધી છે જોકે સક્રમણ માટે રત્નકલાકારો કરતા સરકાર માનીતા અને હીરા ની મોટી પેઠી ચલાવતા માલિકો જવાબદાર હોવા છતાંય તેમની બચાવી રત્નકલાકારો પર દોષનો ટોપલો નાખતા સરકાર સામે ધારણા કરવાનું આયોજન હતું જોકે પોલીસે તમામ ની અટકાયત કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

# મહેસાણાના સતલાસણમાં બે કલાકમાં પોણા પાંચ ઈંચ વરસાદ

સતલાસણા,તા.૨૨

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર બાદ હવે ઉત્તર ગુજરાતનો વારો આવ્યો છે. શુક્રવારથી ઉત્તર ગુજરાતના રાજ્યોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. મહેસાણા, અરવલ્લીમાં ભારે વરસાદથી સ્થિતિ બગડી રહી છે. તો ઉત્તર ગુજરાતની નદીઓ પણ બે કાંઠે વહેતી થઈ છે. રાજ્યમાં આજે સવારથી આઠ વાગ્યા સુધીમાં ૪૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. તો મહેસાણાના સતલાસણમાં બે જ કલાકમાં પોણા પાંચ ઈંચ કરતા વધારે વરસાદ વરસ્યો છે. અરવલ્લીના ભિલોડામાં ૧.૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. પાટણના સિદ્ધપુરમાં એક ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. આજે સવારથી ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર વધ્યું છે. લેટેસ્ટ અપડેટ મુજબ, ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદને પગલે ધરોઈ ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે. ધરોઈના કેચમેન્ટ વિસ્તારમાં વરસાદને પગલે પ્રતિ સેકન્ડ ૧૮૦૫૫ ક્યુસેક પાણીની આવક થઈ છે. જેથી ડેમની સપાટી ૬૦૪.૯૫ ફૂટ પર પહોંચી ગઈ છે.

હજી બે દિવસ ભારે વરસાદને પગલે ડેમમાં નવા નીરની આવકની શક્યતા હાલ ડેમમાં ૪૫.૪૯ ટકા પાણી થયું છે. ભારે વરસાદને પગલે અરવલ્લીની નદીઓમાં પૂર જેવી સ્થિતિ પેદા થઈ છે. શામળાજી પાસે મેશ્વો નદીમાં ઘોડાપૂર આવ્યા છે. મેશ્વો ડેમમાં ૩૨૬૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. જેથી મેશ્વો ડેમની સપાટીમાં એક ફૂટનો વધારો થયો છે. હાલની ડેમની સપાટી ૨૧૦.૬૯ ફૂટ નોંધાઈ છે. તો ભિલોડાની હાથમતી અને બુઢેલી નદીમાં પણ ઘોડાપૂરની સ્થિતિ પેદા થઈ છે. પૂરની સ્થિતિથી નદી કિનારાના ૨૦થી વધુ ગામોને સતર્ક કરાયા છે. જેથી જિલ્લા કલેક્ટર તલાટીઓને એલર્ટ રહેવા સૂચના આપી છે. ભિલોડા નગરમાં જળબંબાકાર જેવી સ્થિતિ પેદા થઈ છે. નગરનો આકાશી નજારો સામે આવ્યો છે. તો બીજી તરફ, મહેસાણામાં બીજા દિવસે પણ મેઘમહેર યથાવત છે. મેઘા નક્ષત્રનું કાચું સોનુ આકાશમાંથી વરસી રહ્યું હોય તેવું મહેસાણાવાસીઓ અનુભવી રહ્યાં છે. મહેસાણા જિલ્લામાં ક્યાંક ધીમી ધારે, તો કોઈ જગ્યા પર મુશળધારની સ્થિતિ પેદા થઈ છે. મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં ૫ ઈંચ વરસાદ તૂટી પડ્યો હતો. જોકે, જિલ્લાના ખેડૂતો આ વરસાદથી ખુશખુશાલ છે.

કારણ કે, જુવાર, બાજરી સહિત કપાસના પાકને આ વરસાદથી જીવનદાન મળશે. તો ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક વરસાદ થયો છે. રાજ્યમાં ૨૦૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં વલસાડના ઉમરગામમાં ૬ ઈંચ વરસાદ વરસ્યો છે. તો આણંદ જિલ્લાના આણંદ, મહેસાણા જિલ્લાના મહેસાણા શહેર, કચ્છના લખતરમાં ૪ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. નવસારીના જલાલપુર, મહેસાણાના કડી અને જામનગરના લાલપુરમાં ૩ ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૦ તાલુકામાં ત્રણ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. તો રાજ્યના ૨૭ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ વરસ્યો છે. રાજ્યના અક્ષર તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે.

# વડોદરા શહેરના બાપોદ સહિતના વિસ્તારોમાં હાલ અશાંત ધારો અમલી

વડોદરા,તા.૨૨


ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોને શાંતિ, સલામતી અને સુરક્ષા પૂરી પાડવી એ રાજ્ય સરકારની નૈતિક ફરજ છે, સાથે-સાથે નાગરિકોને કોઈ ખોટી રીતે હેરાન કરીને અને ધાક ધમકીથી મિલકતો પચાવી ન પાડે તે માટે પણ રાજ્ય સરકાર સતત ચિંતિત છે. જેના ભાગરૂપે વડોદરા શહેરના બાપોદ, વારસીયા અને કારેલીબાગ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં હાલ અશાંત ધારો અમલી છે. આ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં વધારો કરવાનો તથા હરણી પોલીસ સ્ટેશન હેઠળના તમામ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે ગૃહમંત્રીશ્રી જાડેજાએ ઉમેર્યુ કે રાજ્યમાં કોમી એખલાસનું વાતાવરણ જળવાઈ રહે અને ભાઈચારાની ભાવના વધુ બળવત્તર બને તે માટે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ સતત ચિંતા કરીને આ માટે સતત માર્ગદર્શન આપી રહ્યા છે.ત્યારે વડોદરા શહેરના આ વિસ્તારોમાં મળેલ રજૂઆતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્યના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ સાથે પણ જરૂરી પરામર્શ કર્યા બાદ આ અંગે જાહેરનામું પણ પ્રસિદ્ધ કરી દેવાયું છે.

ગૃહમંત્રી જાડેજાએ ઉમેર્યું કે વડોદરા શહેરના બાપોદ, વારસીયા, કારેલીબાગ અને હરણી પોલીસ સ્ટેશન હેઠળના વિવિધ વિસ્તારોમાં અશાંતધારો લાગુ પાડવા માટે સ્થાનિક ધારાસભ્ય શ્રીમતી મનીષાબેન વકીલ દ્વારા રજુઆતો કરવામાં આવેલ હતી. આ સંદર્ભે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીએ વડોદરા શહેરના પોલીસ કમિશ્નર અને જિલ્લા મેજીસ્ટ્રેટના હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઇને આ વિસ્તારોમાં અશાંતધારો લાગુ પાડવા માટે રાજ્ય સરકારે આ અંગે નિર્ણય લીધેલ છે.

## અંતરનાં આયનામાં....

(લેખાંક -૧૬)

વર્ષા જાની



માનવીનું મન ચંચળ છે. મનની અસ્થિર સ્થિતિ માણસને શાંતિ કે સ્થિરતા બક્ષતી નથી.ઘણીવાર માણસ પોતાના મનને વશમાં રાખી શકતો નથી. સ્વાદની બાબતમાં પણ જીભ ના ચટાકા માટે પણ એવું જ હોય છે ને? ભરપેટ ભોજન લીધા પછી પણ આરામથી એકાદી પ્લેટ પાણીપુરી કે પછી પાઉંભાજી ઝાપટી જનારાની પણ આ જગતમાં જરાય કમી નથી. લુલીબાઈને લાડ ન લડાવાય ! જીભના ચટકા પેટને આપે ફટકા ! ગમે ત્યારે અને ગમે તે પેટમાં નાંખી શકાય એવું માનનારા પોતાના પેટને ડસ્ટબીન, કચરાટોપલીથી વિશેષ કશું જ ગણતા નથી. એવું ઘણીવાર કાને પડેલું છે કે મન થયું એટલે ખાઈ લીધું ! પણ.. મનને કન્ટ્રોલ કરવું આપણા હાથની વાત નથી શું? મનને કેળવણી આપવી, ક્યારે, ક્યાં, કેમ, કેવીરીતે? વર્તવું, આવી બાબતો મન શીખી જાય તો પછી શરીરની તંદુરસ્તીને હાનિ થતી નથી.

માણસની પ્રકૃત્તિ કુદરતી રીતે કે પછી યુગોની પરંપરાને લીધે ભોગવવું, મોજશોખ કરવા! આવું બધું મનોમન વિચારોનું ગઠન કરતી રહેતી હોય છે ! બાહ્ય દેખાવને તંદુરસ્ત, સુંદર ગણનાર આપણે મનની તંદુરસ્તી પ્રત્યે ક્યારે જાગૃતિ કેળવીશું? પોતાની જાત પર કાબુ મેળવવાની આવડત ધરાવનારો વ્યક્તિ મનથી તંદુરસ્ત ગણી શકાય. ઘરેડયુક્ત જીવન જીવવાને બદલે પોતીકી ઉત્તમ પરંપરાની કેડી કંડારવી જોઈએ.

જગત સુંદર છે. જગતની સુંદરતા જોવા માટે મનની નીરોગિતા હોવી જરૂરી છે. શારીરિક સૌંદર્યની દ્રષ્ટિએ આરોગ્ય એ મુખ્ય બાબત છે. એવી જ રીતે માનવતાની રીતે મનની નીરોગિતા ને મહત્વ આપવું જરૂરી બને છે. હુષ્ટપુષ્ટ કે શારીરિક વજન એ કાંઈ આરોગ્યનો આધાર ગણી શકાય નહીં. તો એવી જ રીતે સંપત્તિ, વિદ્યા, કળા, સત્તા, કે કોઈપણ પ્રતિષ્ઠતા પર મનની આરોગ્યતાનો આધાર રહેલો નથી. જે લોકોનું મન તંદુરસ્ત હશે, નીરોગી હશે તેમને પછી કોઈપણ પ્રકારની વિદ્વત્તા, શક્તિ જેવા પ્રલોભન લલચાવી શકતા નથી. એનું મન નિર્મળ, પવિત્ર હોય છે. અને આવા પવિત્ર મનમાં સદાય દયા, ક્ષમા, શાંતિ સતત વાસ કરનારા હશે. એટલે એનામાં માનવતા હશે. એમની પાસે ઈશ્વર કૃપાથી ધન હશે તો પણ માનસિક આરોગ્ય પણ શ્રેષ્ઠ હશે. આવા મનુજે કેળવેલી પોતાની સંકલ્પશક્તિ પણ પરમાત્માએ આપેલી ઉત્તમ ભેંટ સ્વરૂપે હશે. અને પછી એ દ્રઢ સંકલ્પ બળથી માણસ પોતે ધારેલીસિદ્ધિ ચોક્કસ હાંસિલ કરી શકશે. સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સઘન પુરુષાર્થની જરૂર પડે ! કોઈપણ

સિદ્ધિ પુરુષાર્થના મૂળ વગર પાંગરતી નથી જ.

પુરુષાર્થની જડ જેટલી મજબૂત હશે એટલી સિદ્ધિ પણ બળકટ હશે.

પણ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને જોઈએ તો માણસ પોતાની માનસિક ઉન્નતિ મેળવવા માટે લેશમાત્ર પ્રયત્નશીલ બન્યો જ નથી એટલે એણે પુરુષાર્થને પણ અપનાવ્યો નથી. અને પુરુષાર્થ વગર માનસિક શુદ્ધિ શક્ય જ નથી. મનુષ્યએ પોતાના દ્રઢ નિર્ધાર સાથે મનનાં આરોગ્યની બાબતમાં સાબૂત રહે તો અશક્ય લાગતું પણ શક્ય બની જાય.. પણ માણસે પહેલેથી જ જીવન વિષયક આદર્શ કેળવવો જ રહ્યો.

વર્ષા જાની

ભાવનગર

૨૩ ઓગસ્ટ ૨૦૨૦

# ટ્રાફિક પોલીસે સામે રીલીફ રોડના વેપારીઓનું અચોક્કસ મુદત માટે બંધનું એલાન

અમદાવાદ,તા.૨૨

ટ્રાફિકના નિયમોને લઈ પોલીસે કડક વલણ અપનાવ્યું છે. ખાસ કરીને જ્યાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે તેવા રિલીફ રોડ પર પણ વેપારીઓએ અને ગ્રાહકોએ નિયમોનું પાલન કરવું પડશે. જોકે પોલીસ ની આ કડક કાર્યવાહી સામે વેપારીઓ એ બંડ પોકાર્યો છે. અને વેપારીઓએ બંધ પાળી ટ્રાફિક પોલીસની કાર્યવાહીનો વિરોધ નોંધાવ્યો છે. વેપારીઓ ને વગર કારણે હેરાન કરવામાં આવતા હોવાનો આક્ષેપ વેપારીઓ એ કર્યો છે. શહેરના ભરચક એવા રિલીફ રોડ પર કરવામાં આવતા આડેધડ પાર્કિંગ ને કારણે ટ્રાફિકજામ ની સ્થિતિ સર્જાય છે. જેના પગલે શુક્રવારે ટ્રાફિક પોલીસ દ્વારા કરાયેલી ડ્રાઈવના વિરોધમાં રીલીફ રોડના વેપારીઓ રસ્તા પર ઉતર્યા છે. પોલીસ રોડ પર વાહન પાર્ક કરવા બાબત એ ખોટી રીતે દંડ વસુલતી હોવાનો આક્ષેપ વેપારીઓ એ લગાવ્યો છે.નજીવા કામ માટે વાહન ઉભું રહે તો પણ દંડ વસુલવામાં આવતો હોવાનો આરોપ વેપારીઓ પોલીસ પર લગાવી રહ્યા છે જે અગે રિલીફ રોડ ઈલેક્ટ્રોનિક વેપારી એસોસીએશન પ્રમુખ મેઘરજ દોદવાની એ જણાવ્યું કે ટ્રાફિકની ટિમ ૧૦૦ /૨૦૦ માણસો લઈ વેપારીઓ આતંકવાદી ઓ હોય તેવું વર્તન કરે છે.

દુકાનદારોએ પાર્કિંગ પ્લેસ પર વાહન પાર્ક કર્યું હોય તો પણ દંડ વસુલવામાં આવે છે. બીજીતરફ ગ્રાહકો કોઈ વસ્તુ ખરીદી કરવા કે એટીએમ માં રૂપિયા ઉપાડવા આવે ત્યારે પણ વાહન ચાલકો દંડ વસુલી લેવા આવે છે.

# રાજસ્થાનથી કાપડ ખરીદવા આવેલા યુવકના બે લાખ રૂપિયા રિક્ષા ગેંગે સેરવ્યા

સુરત,તા.૨૨

રાજસ્થાનથી નવી દુકાન માટે કાપડ ખરીદવા માટે સુરત આવેલા યુવાનની નજર ચૂકવી રિક્ષાચાલક અને સાગરીતોએ રૂપિયા ૨ લાખ સેરવી લીધા હતા. આગળ પોલીસ ઉભી છે કહી રસ્તામાં ઉતારી ફરાર થઈ ગયા હતા. જોકે વેપારી દ્વારા આ મામલે પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી છે. મૂળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના કાંકરોલીના ગાડરીયા વાસ ખાતે રહેતો ૨૨ વર્ષીય ખેડૂત પુત્ર અને કોલેજીયન કિશનલાલ શંકરલાલ ગાડરીએ ગામમાં લેડીઝ કપડાની નવી દુકાન શરુ કરી છે.

તેના માલ સામાન માટે પિતાની બચતના રૂપિયા ૨ લાખ લઈ વેપારી એવા સાળા કમલેશ સાથે ૧૯મીએ રાતે લકઝરીમાં સુરત આવ્યા બાદ પાંડેસરા ચીકુવાડીમાં મામાના ઘરે રોકાયા હતા. બીજા દિવસે રીંગરોડ રાધાક્રિષ્ણા ટેક્સટાઈલ માર્કેટમાં ગયા બાદ પુણા આરઆરટીએમ માર્કેટમાં જવા માટે સહારા દરવાજેથી રિક્ષામાં બેઠા હતા. રિક્ષાચાલકે કમલેશને પોતાની બાજુમાં અને કિશનલાલને પાછળ વચ્ચે બેસાડયો હતો.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001